# FIRST INFORMATION REPORT

## પ્રથમ માહિતી અહેવાલ

## (Under Section 154 Cr.P.C.)

## (ફોજદારી કાર્યસંહિતાની કલમ 154 હેઠળ.)

1 District (જીલ્લો): સુરત ગ્રામ્ય | Police Station (પોલીસ સ્ટેશન): કામરેજ | Year (વર્ષ): 2022 | FIR No. (પ્ર.મા.અ.ક્રમાંક): 11214020220318 | Date (તારીખ): 13/02/2022

2 (i) Act (અધિનિયમ): આઈ પી સી | Sections (કલમો): 302,307

3 (a) (ક) Occurrence of offence: (ગુન્હો બન્યાનો સમયગાળો)

Day. (દિવસ): શનિવાર | Date from (તારીખથી): 12/02/2022 | Date to (તારીખ સુધી): 12/02/2022

Time Period (સમયગાળો) | Time from (કલાકથી): 18:00 | Time to (કલાક સુધી): 23:30

(b) (ખ) Information received at PS: (પોલીસ મથકે માહિતી મળ્યા) Date (તારીખ): 13/02/2022 | Time (સમય): 00:25

(c) (ગ) General Diary Reference:Entry No. (સ્ટેશન ડાયરી સંદર્ભ: એન્ટ્રિ નં) | Time (સમય)

4 Type of Information: (માહિતીનો પ્રકાર) મૌખિક

5 Place of Occurrence: (ઘટનાનું સ્થળ)

(a) (ક) Direction and distance from P.S. (પોલિસ સ્ટેશનથી દિશા અંતર) | Beat No. (બીટ નંબર)

(b) (ખ) Address (સરનામું): મોજે- મૌજે ખોલવડગામે લક્ષ્મીધામ સોસાયટીના ગેટ પાસે પાસોદરા પાટીયા ,
ગામ. ખોલવડ,
તા. કામરેજ,
જી. સુરત ગ્રામ્ય.

(c) (ગ) In case, outside the limit of this Police Station, then (પોલીસ સ્ટેશનની હદની બહાર હોય તો તે પોલીસ સ્ટેશનનું નામ)

Name of P.S. (પોલીસ સ્ટેશનનું નામ) | District (જીલ્લો)

6 Complainant/Informant: (ફરિયાદી / બાતમીદાર)

(a) (ક) Name (નામ): ધ્રુવ નંદલાલભાઈ વેકરીયા | (b) (ખ) Father's/Husband's Name (પિતા/પતિનું નામ): નંદલાલભાઈ વેકરીયા

(c) (ગ) Date/Year of Birth (જન્મ તારીખ / વર્ષ) | (d) (ઘ) Nationality (રાષ્ટ્રીયતા): ભારતીય

(e) (ડ)

(f) (ચ)

Occupation (ધંધો)

અન્ય

(g) (છ)

Address
(સરનામું)

રહે.૬૪ લક્ષ્મીધામ સોસાયટી પાસોદરા પાટીયા ખોલવડગામ તા.કામરેજ જી.સુરત મુળ રહે.નાગલપુરગામ તા.મેદરડા જી.જુનાગઢ મો.ન.૯૯૯૮૮૪ ૧૫૦૧,
ગામ. ખોલવડ,
તા. કામરેજ,
જી. સુરત ગ્રામ્ય.

7 Details of known/suspected/unknown accused with full particulars:
(Attach seperate sheet, if necessary)
(ઓળખાયેલ/શકમંદ/વણઓળખાયેલ આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)
(જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી)

| Accused Name (તહોમતદારનું નામ) | Age(Approx.) (ઉમર) (આશરે) | Address (સરનામું) |
|---|---|---|
| (1) ફેનીલભાઈ પંકજભાઈ ગોયાણી | | મકાન નં.૩૨ સાગર સોસાયટી ગુજરાત શોપીગની સામે કાપોદરા સુરત શહેર મુળ રહે.મોટી વાવડી ગામ તા.ગારીયાધાર જી.ભાવનગર ,<br>મકાન નં.૩૨ સાગર સોસાયટી ગુજરાત શોપીગની સામે કાપોદરા સુરત શહેર મુળ રહે.મોટી વાવડી ગામ તા.ગારીયાધાર જી.ભાવનગર ,<br>સુરત શહેર. |

8 Reasons for delay in reporting by the complainant/Informant
(ફરિયાદી/બાતમીદાર તરફથી ગુન્હાની જાણ કરવામાં વિલંબ થવાના કારણો)

no

9 Particulars of properties stolen(Attach seperate sheet, if necessary)
(ચોરાયેલી/ગુન્હામાં સંડોવાયેલ ચીજ વસ્તુઓની વિગતો) (જરૂર જણાયતો અલાયદા કાગળ ઉપર વિગત દર્શાવવી).

10 Total value of property stolen
(ચોરાયેલી / ગુન્હામા સંડોવાયેલ ચીજ વસ્તુઓની કુલ કિમંત)

11 Inquest Report/U.D. case No. if any
(મ્રુત્યુ વિષયક તપાસ અહેવાલ / અકુદરતી મોતનો નંબર હોય તો તે)

12 First Information contents(Attach seperate sheet, if required)
(પ્રથમ માહિતી અહેવાલની વિગતો)(જરૂર જણાયતો અલાયદો કાગળ જોડવો)

ઇ.પી.કો. કલમ્-૩૦૨ ,૩૦૭ મુજબ તે એવી રીતની છે કે, આ કામની મરણ જનાર ગ્રીષ્માબેન અમરોલી ખાતે કોલેજ કરતી હોઇ જેને આ કામનો આરોપી છેલ્લા એકાદ વર્ષથી હેરાન કરતો હોઇ જેથી આ કામની મરનારે પોતાની મમ્મીને વાત કરતા આ કામના આરોપીને ફરીયદીના મામા તથા ફરીયાદીના પપ્પાના મિત્રે સમજાવેલ તેમ છતાં આ કામનો આરોપી આ જરોજ સાંજના છ વાગે સોસાયટીના ગેટ પાસે આવતા મરનારે ઘરમા વાત કરતા આ કામના ફરીયાદી તથા ફરીયાદીના મોટા પપ્પા સુભાષભાઇ આ કામના આરોપીને સમજાવવા જતા આ કામનો આરોપી ઉશકેરાય જઇ સુભાષભાઇને પેટના ભાગે ચપ્પુ મારી દીધેલ જેને છોડાવવા આ કામનો ફરીયાદીએ આરોપી પાસેનો ચપ્પુ પકડી લેતા જમણા હાથે ઇજા થયેલ. અને આરોપીએ ફરીયાદીના માથાના ભાગે ચપ્પુ મારી દીધેલ અને આ કામની મરણ જનાર દોડતી છોડાવવા આવતા તેને આ કામના આરોપીએ ગળામાથી પકડી લઇ ગળાના ભાગે ચપ્પુ મારી ગળુ કાપી નાંખી તથા પોતે કોઇ ઝેરી દવા પીઇ જઇ તથા હાથના ભાગે ચપ્પુ મારી દઇ સાહેદ ગ્રીષ્માનુ ખુન કરી તથા ફરીયાદી તથા સાહેદ સુભાષભાઇ ઉપર જીવલેણ હુમલોકરી ઇજા કરી ગુનો કર્યા વિગેરે બાબત.

Complaint(ફરિયાદ)

તા.૧૨/૦૨/૨૦૨૨

મારૂ નામ ધ્રુવ નંદલાલભાઈ વેકરીયા ઉ.વ.૧૭ ધંધો-અભ્યાસ રહે.૬૪ લક્ષ્મીધામ સોસાયટી પાસોદરા પાટીયા ખોલવડગામ તા.કામરેજ જી.સુરત મુળ રહે.નાગલપુરગામ તા.મેદરડા જી.જુનાગઢ મો.ન.૯૯૯૮૮૪૧૫૦૧

રૂબરૂમાં સુરત સ્મીમેર હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર વિભાગમાં પુછવાથી મારી ફરીયાદ હકિકત લખાવુ છું કે,

હું ઉપર બતાવેલ સરનામે મારા મમ્મી પપ્પા સાથે રહું છું. અને જે.બી.ડાઈમંડ સ્કુલમાં ધોરણ-૧૨ માં અભ્યાસ કરૂ છું. મારે એક બહેન ગ્રીષ્મા છે. જેની ઉમર આશરે ૨૧ વર્ષ જેટલી છે. જે અમરોલી કોલેજમાં અભ્યાસ કરે છે. મારા પપ્પા હીરા ઘસવાનુ કામ કરે છે. તથા મારી મમ્મી વિલાસબેન ઘરકામ કરે .મારા પપ્પા છેલ્લા આઠેક મહીનાથી સાઉથ આફ્રી કા ખાતે ગયેલ છે.

આજરોજ મારી બહેને મારી મમ્મીને તથા મારી મોટી મમ્મીને વાત કરતી હતી કે, ફેનીલ પંકજભાઈ ગોયાણી રહે .સાગર સોસાયટી કાપોદરા નાનો છેલ્લા એક વર્ષ થી હેરાન કરે છે. અને પાછળ પાછળ આવે છે.તેને મામએ તથા પપ્પા ના મીત્ર હરેશભાઇ કિકાણીએ પણ અગાઉ સમજાવેલ હતો તેમ છતા પણ તે હેરાન કરે છે. આજે પણ તે ગેટ પાસે આવી ઉભેલ છે. તેવી વાત કરતા મે સાંભળેલ જેથી મે મારા મોટા પપ્પા સુભાષભાઈને વાત કરતા આજરોજ સાંજના આશરે છ એક વાગ્યે હું તથા મારા મોટા પપ્પા સુભાષભાઈ નાઓ સમજાવવા માટે ગયેલા અને ફેનીલને કહેલ કે તું કેમ ગ્રીષ્માને હેરાન કરે છે ? તેમ કહેતા આ ફેનીલ ઉશ્કેરાઇ ગયેલ અને તકરાર કરવા લાગેલ તેણે મારા મોટા પપ્પાને પેટના ભાગે ચ પ્પુ મારી દિધેલ જેથી હું છોડાવવા જતા મે ચપ્પુ પકડી લીધેલ જેથી મને જમણા ભાગના હાથે ચપ્પુ વાગી ગયેલ અને તે પછી તેણે મારા માથાના ભાગે ચપ્પુ મારી દિધેલ એટલામાં મારી બહેન ગ્રીષ્મા તથા મારી મમ્મી દોડતી આવતા આ ફેની લે મારી બહેનને ગળામાથી પકડી લઈને ગળા ઉપર ચપ્પુ મુકી દિધેલ જેથી મારી બહેને તથા અમોએ ઘણી બુમો પાડેલ પણ તેણે મારી બહેનને છોડેલ નહી તેમજ બધા ગભરાઈ ગયેલ હોય કોઈ વચ્ચે પડેલ નહી અને તેણે મારી બહેનનુ ચપ્પુ વડે ગળુ કાપી નાખેલ અને પોતાના ખીસ્સામાંથી કોઈ ઝેરી દવા જેવુ બહાર કાઢી પી ગયેલ.

ત્યાર પછી બધા માણસો દોડી આવતા તે અમારા ઘરની આગળ આવેલ ખુલ્લા પ્લોટ તરફ ભાગેલ જેથી ત્યા આગ ળ ઘણા માણસો તેને પકડવા દોડતા તથા પોલીસ પણ આવી જતા જે જોઇ આ ફેનીલ પોતાના હાથે ચપ્પુ મારવા લાગેલ . અને પોલીસે તેને પકડી લીધેલ અને મારી બેનને જોતા તે મરણ ગયેલ હતી. મને માથાના ભાગે તથા જમણા હાથે ઈ જા થયેલ હોય તથા મારા મોટા પપ્પાને પેટના ભાગે ઈજા થયેલ હોય જેમાં કોઈકે ૧૦૮૧૦૮ને ફોન કરતા મારી મોટી મ મ્મી સોભનાબેને અમોને ૧૦૮૧૦૮માં બેસાડી સુરત સ્મીમેર હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલ છે.અને હાલ અમા રી સારવાર ચાલુ છે.

જેથી આ ફેનીલ પંકજભાઈ ગોયાણી નાએ મારી બેન ગ્રીષ્માને છેલ્લા એક વર્ષ થી હેરાન કરતો હોય અને આજરો જ પણ તે અમારી સોસાયટીના ગેટ ઉપર આવતા તેને હું તથા મારા મોટા પપ્પા કહેવા જતા તેણે મારા તથા મારા મોટા પપ્પા સુભાષભાઈ ઉપર જીવલેણ હુમલો કરી ઈજા કરેલ હોય તેમજ મારી બેનને ગળાના ભાગે ચપ્પુ મારી ગળુ કાપી ના ખી ખુન કરેલ હોય જેથી મારી તેના વિરૂધ્ધમાં તથા તપાસમાં નિકળે તેઓ વિરૂધ્ધમાં કાયદેસર થવા ફરીયાદ છે. મારા સા હેદો ફરીયાદમાં જણાવેલ તથા તપાસમાં નિકળે તેઓ વિગેરે છે.

એટલી મારી ફરીયાદ હકિકત છે જે મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે

રૂબ¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬¬

( એમ.એમ.ગીલાતર)

પોલીસ ઇન્સ્પેકટર

13 Action Taken : Since the above information reveals commission of offence(s) u/s as mentioned at Item No. 2 :

(લીધેલ પગલાં : ઉપરના અહેવાલની ઉપરની આઇટમ નં.(2) માં જણાવ્યા પ્રમાણેનો ગુન્હો બન્યાનું જણાઇ આવતા)

(1) Registered the case and took up the investigation or(કેસની નોંધણી કરી તપાસ હાથ ધરી છે)

(2) Directed (Name of I.O.) take up the Investigation or(તપાસ કરનાર અધિકારીનું નામ):- મહેશકુમાર મંગાભાઇ ગીલાતર Rank(હોદ્દો):- પોલીસ ઇન્સ્પેકટર
No.:- mmg020588 to take up the Investigation or(નંબર)

F.I.R. read over to the complainant/informant, admitted to be correctly recorded and a copy given to the com plainant/informant, free of cost.

(પ્રથમ માહિતી અહેવાલ ફરિયાદી / બાતમીદારને વાંચી સંભળાવેલ છે અને ફરિયાદીએ લખાવ્યા પ્રમાણેજ નોંધવામાં આવેલ છે. તેવુ ફરિયાદી / બાતમીદારે સ્વીકરેલ છે અને ફરીયાદી / બાતમીદારને તેની નકલ વિના મુલ્યે આપવામાં આવી છે.)

R.O.A.C.
(વાંચી સંભળાવવામાં આવ્યું અને તે બરાબર છે.)

Signature of Officer in charge, Police Station
(પોલીસ મથકનો હવાલો ધરાવતા અધિકારીની સહી.)

14 Signature/Thumb Impression of the complainant/informant. (ફરિયાદી/બાતમીદારની સહી/અંગૂઠાની છાપ)

| | | | |
|---|---|---|---|
| Name (નામ) | ફારૂકખાન નશીબખાન ખાન | | |
| Rank (હોદ્દો) | હેડ કોન્સ્ટેબલ | GPF No (જીપીએફ નંબર) | BNo249 |

15 Date and time of dispatch to the court. 13/02/2022 00:25
(ફરિયાદ કૉર્ટમાં રવાના કર્યાની તારીખ અને સમય)